કાલે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન સાથે બેઠક

# રાજ્યમાં પાણીની અછતનો કાયમી ઉકેલ તૈયાર છે: મુખ્યમંત્રી

**ત્રણ** રાજ્યોને વીજળીના બદલામાં ગુજરાતને પાણી આપવા મુદ્દે વાટાઘાટો અંતિમ તબક્કામાં : સી.આર. પાટીલ



સુરત : ગુજરાતમાં વરસાદની ઘટને પગલે પાણીની અછતની ચિંતા વચ્ચે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યને મોટી રાહત મળે તેવી ખાતરી આપી છે. સુરતમાં મનપા, જીલ્લા પંચાયત અને સુડાના 410 કરોડના પ્રકલ્પોનુ લોકાપર્ણ અને ખાતમુહુર્ત કરતી વખતે સંજીવ કુમાર ઓડીટોરીયમમાં યોજાયેલી સભામાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં એક વર્ષ દરમિયાન પાણીની જેટલી ઘટ છે તે પૂરી કરી દેવામાં આવશે અને પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની દિશામાં નિર્ણય લેવાશે. આ અંગે મંગળવારે તમામ બાબતો ફાઇનલ થઈ જશે તેવી આશા પણ તેમણે વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ ગુજરાતની પાણીની સ્થિતિ અંગે સંપૂર્ણ ખાતરી આપી રહ્યા છે. રાજ્યમાં પાણીની અછત દૂર કરવા માટે સરકાર ગંભીરતાથી પ્રયાસ કરી રહી છે અને આગામી નિર્ણય ગુજરાત માટે મહત્ત્વનો સાબિત થઈ શકે છે.

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે પણ ગુજરાતમાં પાણીની અછત દૂર કરવા માટે આંતરરાજ્ય સ્તરે પ્રયાસો ચાલી રહ્યા હોવાનું જણાવ્યું હતું. તેમના જણાવ્યા મુજબ, મંગળવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજાશે. આ ત્રણેય રાજ્યો પાસેથી વીજળીના બદલામાં ગુજરાતને પાણી મળી રહે તે અંગે નિર્ણય લેવાય તેવી શક્યતા છે. આ બેઠકમાં પાણીની ઉપલબ્ધતા, રાજ્યો વચ્ચેના સંકલન અને ગુજરાતની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વ્યવસ્થા નક્કી થવાની અપેક્ષા છે. જોકે, કેટલું પાણી મળશે, કયા જળાશયોમાંથી પાણી મેળવવામાં આવશે અને આ વ્યવસ્થા કેટલા સમય માટે અમલમાં રહેશે તે અંગેની વિગતો હજી જાહેર થઈ નથી. સુરતમાં મુખ્યમંત્રીએ શહેર અને જિલ્લા માટે રૂ. 410 કરોડના 50 વિકાસપ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. રત્નમાલા અને સાકેત બ્રિજનું ઉદ્ઘાટન કરીને તેને જનતા માટે ખુલ્લા મૂકવામાં આવ્યા હતા. આ ઉપરાંત કોસમાડા ખાતે રૂ. 125 કરોડના ઇસ્કોન મંદિરનો શિલાન્યાસ પણ કરવામાં આવ્યો હતો.

## સુરતના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું મોડેલદેશમાં બેન્ચમાર્ક સાબિત થયું છે: સી.આર.પાટિલ

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટિલે જણાવ્યું કે, સુરત મહાનગરપાલિકા સમગ્ર દેશ માટે પથદર્શક બન્યા છે. સુરતમાં ગંદા પાણીના શુદ્ધિકરણનું સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ- STP મોડેલ આજે સમગ્ર દેશમાં એક બેન્ચમાર્ક સાબિત થયું છે. 'વેસ્ટમાંથી બેસ્ટ' અને 'ટ્રિપલ R: રિડ્યુસ, રિસાયકલ અને રિયુઝ' આધારિત આ પ્લાન્ટ દ્વારા કોસ્ટ કટિંગની સાથે સુરત મનપાએ આવકનો નવો સ્ત્રોત ઉભો કર્યો છે. સુરતના આ જ સફળ મોડેલથી પ્રેરણા મેળવીને હવે 'નમામિ ગંગે' પ્રોજેક્ટ હેઠળ ૪ થી ૫ કરોડના બદલે માત્ર ૧.૫ કરોડમાં STP સ્થપાયા છે. સુરતના આ મોડેલને અપનાવીને નવા એસ.ટી.પી પ્લાન્ટ્સ દ્વારા અંદાજે રૂ.૧૧ હજાર કરોડની માતબર રકમની બચત કરવામાં આવી છે. જેને ધ્યાને લેતા વડાપ્રધાન એ ની દિલ્હી જળશક્તિ બોર્ડ સહિત સમગ્ર દેશમાં આ મોડેલ લાગુ કરવાની હાકલ કરી છે.

## 115 કોર્પોરેટર 1100 લોકોને પણ ભેગા કરી શકતા નથી

સુરત : દુનિયાની સૌથી મોટી કાર્યકર્તાઓ ધરાવતી પાર્ટી હોવાનો દાવો કરતી ભાજપને સુરતમાં પોતાના કાર્યક્રમમાં ખુરશીઓ ભરવા માટે પાલિકાના કર્મચારીઓ અને શિક્ષકોનો સહારો લેવો પડતો હોવાની ચર્ચાએ રાજકીય વર્તુળોમાં સવાલો ઊભા કર્યા છે. સુરત મનપામાં ભાજપના 115 કોર્પોરેટરો હોવા છતાં મુખ્યમંત્રીના કાર્યક્રમમાં અપેક્ષિત ભીડ ન થતાં સરકારી તંત્રને કામે લગાડવું પડ્યું હોવાનુ બહાર આવ્યું છે. એટલુ જ નહી કર્મચારીઓને લાવવા માટે પણ વાહન-વ્યવહાર માચે અધિકૃત વાહનોને બદલે મનપાના ડમ્પર જેવા વાહનો લઇ આવતા ઓરટીઓના નિયમોનો પણ ભંગ થયો હતો. સંજીવકુમાર ઓડિટોરિયમમાં અંદાજે 1100 લોકોની ક્ષમતા છે. ભાજપના 115 કોર્પોરેટરો પોતાના વિસ્તારમાંથી માત્ર 10-10 કાર્યકર્તાઓને પણ લાવ્યા હોત તો સભાખંડ ભરાઈ શકે તેમ હતું. તેમ છતાં પાલિકા, જિલ્લા પંચાયત, સુડા અને કલેક્ટર કચેરીના કર્મચારીઓ ઉપરાંત શિક્ષણ સમિતિના શિક્ષકોને હાજર રાખવાની જરૂર કેમ પડી, તે સવાલ ચર્ચામાં છે. આક્ષેપ મુજબ, રાંદેર ઝોનની દરેક શાળામાંથી ત્રણ અને અન્ય ઝોનની શાળાઓમાંથી એક-એક શિક્ષકને હાજર રહેવા જણાવાયું હતું.

# ૪૭ લાખની હીરાની ઠગાઈમાં મુંબઈનો બ્રોકર ઝડપાયો

**મહિધરપુરાના** વેપારી પાસેથી ઉધારમાં રૂ.૨૩.૧૨ લાખના હીરા લીધા બાદ રૂ.૨૧.૨૨ લાખના હીરા ચોર્યાની પણ ફરિયાદ

સુરતઃ હીરાના વેપારી સાથે રૂ.૪૭.૩૪ લાખથી વધુની ઠગાઈ અને હીરાની ચોરીના કેસમાં મુંબઈના બ્રોકર આર્યન સુરેશ પટેલની લિંબાયત પોલીસે ગત ૨૪મી તારીખે ધરપકડ કરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, સુમુલ ડેરી રોડ સ્થિત સરદાર નગર સોસાયટીમાં રહેતા અને હીરાનો વેપાર કરતાં રજનીકાંતભાઈ ખોડાભાઈ પટેલ સાથે મુંબઈના અશોકવન વિસ્તારમાં આવલા મારૂતિ નગરમાં રહેતા આર્યન સુરેશભાઈ પટેલે ઓળખાણ કેળવી હતી. પોતે સોના-હીરાનો મોટો વેપારી હોવાની અને ઈમ્પોર્ટ-એક્સપોર્ટનો વ્યવસાય કરતો હોવાની ઓળખ આપીને તેણે સુરતમાં પ્રોપર્ટીમાં રોકાણ કરવાના બહાને વેપારીનો વિશ્વાસ જીત્યો હતો.

આરોપીએ વેપારી પાસેથી રૂ. ૨૩,૧૨,૦૦૦ના નેચરલ હીરા ઉધારમાં મેળવ્યા હતા. આ ઉપરાંત રૂ. ૩ લાખ રોકડા પણ લીધા હતા. જોકે, આ હીરા અને રોકડ રકમ પરત ન આપીને વિશ્વાસઘાત કર્યો હતો. ફરિયાદમાં વધુમાં જણાવ્યા મુજબ, તા. ૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ આરોપી વેપારીના ઘરે અને ઓફિસે આવ્યો હતો. આ દરમિયાન નજર ચૂકવીને રૂ. ૨૧,૨૨,૦૦૦ની કિંમતના નેચરલ હીરા ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આમ, ઉધારમાં મેળવેલા હીરા, રોકડ રકમ અને ચોરીના હીરા મળીને કુલ રૂ. ૪૭,૩૪,૦૦૦ની રકમનો મામલો સામે આવ્યો છે. આ મામલે મહિધરપુરા પોલીસમાં ઠગ આર્યન વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. દરમિયાન, ગત ૨૪મી તારીખે મહિધરપુરા પોલીસે બ્રોકર આર્યન સુરેશ પટેલની ધરપકડ કરી છે.

## નવરાત્રિ પૂરી, રસ્તા પર ચણિયા-ચોળીની હરાજી લાગતા ભીડ



નવરાત્રિનો પર્વ આવતા પરંપરાગત ચણિયા-ચોળીની ખરીદી માટે બજારમાં ભારે ભીડ ઊમટી પડી હતી. રસ્તા પર વેચાતી ચણિયા-ચોળી ખરીદવા પડાપડી જોવી મળી હતી. જો કે હવે નવરાત્રિ પૂરી થઈ ગઈ છે, ત્યાં સ્ટ્રીટ વેન્ડરો દ્વારા સ્ટોક પૂરો કરવા ચણિયા-ચોળીનું ઓછા ભાવ વેચાણ કરી હરાજી કરવામાં આવી હતી. જેમાં અડાજણ વિસ્તારમાં ઓછા ભાવે ખરીદી કરવા મહિલાઓની ભીડ જામી હતી. (તસવીરઃ હેમંત ડેરે)

# ઉધનામાં ભર ટ્રાફિકમાં મોપેડચાલકે ટક્કર મારી કારની તોડફોડ કરી

**કારચાલક** બેંક મેનેજરને મોંઢાના ભાગે ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી

સુરતઃ ઉધના વિસ્તારમાં ટ્રાફિકની વચ્ચે ગાડી સાઈડમાં લેવા કે કટ મારવા જેવી સામાન્ય બાબતમાં ડ્રાઈવિંગ કરી રહેલા એક બેંક મેનેજરને ટાર્ગેટ બનાવી શાતિર અંદાજમાં હુમલો કરાયાની સનસનાટીભર્યા ઘટના સામે આવી છે.

એક્સેસ મોપેડના ચાલકે અચાનક યુ-ટર્ન મારી બેંક મેનેજરની સફારી કાર સાથે ટક્કર કરી હતી અને બાદમાં ગાડી રોકાવી પથ્થર તેમજ ફટકા વડે કારના આગળ-પાછળના કાચ તોડી નાખી ભારે તોડફોડ મચાવી હતી. એટલું જ નહીં, મેનેજરને મોઢાના ભાગે ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી ફરાર થઈ ગયો હતો.

અઠવાગેટ ખાતે વિનતા વિશ્રામની બાજુમાં આવેલી એચડીએફસી બેંકમાં બ્રાન્ચ મેનેજર તરીકે નોકરી કરતા અમર બહાદુર પાંડે (ઉં.વ.૪૬, રહે., આકાશ રો-હાઉસ, પાંડેસરા; મૂળ યુ.પી.) ગત તા. ૨૨/૧૦/૨૦૨૬ ના રોજ સવારે નવેક વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી ગ્રે કલરની સફારી કાર (નં. GJ-05-JY-4427) લઈને ઓફિસ જવા નીકળ્યા હતા. જ્યારે તેઓ ઉધના વિસ્તારમાં આશાપુરી ખાડી પાસેના સર્કલ પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે સામેના રોડ પરથી પૂરઝડપે આવી રહેલા એક એક્સેસ મોપેડ (નં. GJ-05-UC-2602)ના ચાલકે રોડ પરના કટ પાસેથી અચાનક યુ-ટર્ન મારી પોતાની એક્સેસ કાર સાથે અથડાવી દીધી હતી. ત્યારપછી એક્સેસ ચાલકે ગાડી ચલાવતા જ કાર પર મુક્કા મારવાનું ચાલુ રાખ્યું હતું. મામલો વધુ વણસતા એક્સેસ ચાલકે ઉશ્કેરાઈને પથ્થર તથા લાકડાના ફટકા વડે બેંક મેનેજરની સફારી કારના બોનેટ પર, આગળ-પાછળના કાચ, ડ્રાઈવર સાઈડનો કાચ તથા પાછળની ડાબી બાજુનો કાચ તોડીને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. ત્યારબાદ મેનેજર સાથે ગાળાગાળી કરી મોઢાના ભાગે મુક્કો મારી ઈજા પહોંચાડી હતી અને જતાં જતાં 'અગલી બાર દિખા તો જાન સે હાથ ધોના પડેગા' તેવી ગંભીર ધમકી આપી નાસી છૂટ્યો હતો.

બેંક મેનેજર અમર પાંડેની ફરિયાદના આધારે ઉધના પોલીસે એક્સેસ મોપેડના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# વેસુમાં સ્કોડા ચાલકે અઢી વર્ષના માસૂમને કચડયો

**ઝૂંપડપટ્ટીમાં** મહિલા બાળક સાથે તેલનું દાન કરવા આવી હતી

સુરત : વેસુમાં ઝૂંપડપટ્ટીમાં શનિવાર નિમિત્તે તેલની બોટલનું દાન કરવા આવેલી મહિલા સ્કોડાચાલકે પરત ફરતી વખતે કાર હંકારી બહાર રમી રહેલા અઢી વર્ષના માસૂમ બાળકને અડફેટે લેતાં તેનું મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, મૂળ દાહોદના ધોળા ખાખરા ગામના વતની અને હાલ વેસુમાં રઘુવીર સેલ સામે આવેલી ઝૂંપડપટ્ટીમાં રહેતા 22 વર્ષીય અપીલભાઈ તાનસિંગ ડામોર પાલ આરટીઓ પાસે જય અંબે કાર્ટિંગમાં ડ્રાઈવિંગ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. શનિવારે સાંજે વેસુની શ્રીજી સોસાયટીમાં રહેતાં મિતાલીબેન શનિભાઈ ચાવેલી સ્કોડા સ્લેવિયા કાર (GJ-05-RT-6618) લઈને ઝૂંપડપટ્ટીમાં શનિવાર નિમિત્તે તેલની બોટલનું દાન કરવા આવ્યાં હતાં. દાન કર્યા બાદ મિતાલીબેન કાર લઈને પરત ફરી રહ્યાં હતાં, ત્યારે ઝૂંપડાની બહાર રમી રહેલા અપીલભાઈના અઢી વર્ષના મોટા દીકરા આર્યનને અડફેટે લેતાં કાર તેના પરથી ફરી વળી હતી, જેમા તેનું મોત નીપજ્યું હતું. વેસુ પોલીસે મહિલા કારચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### અકસ્માત બાદ મહિલા કાર લઈને ભાગતા પિતાએ પીછો કરીને તેને ઝડપી લીધી

અકસ્માત બાદ મહિલા કાર લઈને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે બૂમાબૂમ થતા આર્યનના પિતા રૂમની બહાર નીકળીને ભાગતા ભાગતા કારનો પીછો કરીને તેને રાહદારીઓની મદદથી ઝડપી પાડી હતી અને તેની જ કારમાં આર્યનને ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા.

# શહેરમાં ટ્રાફિક સમસ્યા મુદ્દે ભાજપના જ ધારાસભ્ય લાલઘૂમ

**વરાછા** બાદ ઉત્તરના ધારાસભ્ય કાંતિ બલરે પોલીસની કામગીરી સામે સવાલ ઉઠાવ્યા

સુરતઃ રાજ્યના ગૃહમંત્રીના હોમ ટાઉન સુરત શહેરમાં વિકટ બનતી ટ્રાફિક સમસ્યાને લઈને વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણી બાદ હવે ઉત્તર વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય કાંતિ બલરે સંકલન બેઠકમાં પોલીસની કામગીરી સામે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમણે આક્રોશ સાથે રજૂઆત કરી હતી કે, શહેરમાં સૌથી મોટી મુશ્કેલી બેફામ રોંગ સાઈડ આવતા વાહનચાલકોની છે. ટ્રાફિક પોલીસની હાજરી હોવા છતાં તેમની સામે જ નિયમોનો ભંગ થઈ રહ્યો છે, જેના કારણે કાયદાનું પાલન કરતાં નિર્દોષ વાહનચાલકો માટે અકસ્માતનો સતત ભય રહે છે. આ ઉપરાંત, પિક અવર્સ દરમિયાન ચાર રસ્તા પર ફરજ બજાવતા પોલીસ અને ટ્રાફિક બ્રિગેડના કર્મચારીઓ વાહન વ્યવહારનું નિયમન કરવાના બદલે મોબાઈલમાં વ્યસ્ત જોવા મળે છે, જેનાથી ટ્રાફિકની સ્થિતિ વધુ કફોડી બની રહી છે.

ટ્રાફિકની આ કાયમી સમસ્યામાંથી મુક્તિ મેળવવા માટે ધારાસભ્ય કાંતિ બલરે તંત્ર સામે કડક પગલાં ભરવાની માંગ કરી છે. તેમણે સૂચન કર્યું કે ચાર રસ્તાઓ પર મુકાયેલા સીસીટીવી કેમેરા દ્વારા માત્ર વાહનચાલકો જ નહીં, પરંતુ ફરજ દરમિયાન બેદરકારી દાખવી મોબાઈલમાં વ્યસ્ત રહેતા કર્મચારીઓ પર પણ નજર રાખવી જોઈએ જેથી સમસ્યા ઘટી શકે. સાથોસાથ, શહેરમાં વહેલી સવારે આવતી-જતી લક્ઝરી બસોના ચાલકો દ્વારા બેફામ વગાડવામાં આવતા એર હોર્નથી અવાજનું પ્રદૂષણ ફેલાય છે. રોંગ સાઈડ વાહનચાલકો, લક્ઝરી બસોની સમસ્યાનો નિકાલ લાવવા તેમણે ભારપૂર્વક રજૂઆત કરી છે.

# ગોડાદરામાં હપ્તા વસૂલી કરનાર જીતુ યાદવ સામે બે ગુના દાખલ

**ડેરી** સંચાલક અને નાસ્તાની લારીવાળાને દુકાન બંધ કરાવી દેવાની ધમકી આપી પૈસા ખંખેર્યા

સુરતઃ ગોડાદરા વિસ્તારમાં નાના વેપારીઓ, દુકાનદારો અને લારીવાળાને ટાર્ગેટ બનાવી ખુલ્લેઆમ હપ્તા વસૂલી અને ખંડણી ઉઘરાવતા અસામાજિક તત્ત્વોનો ત્રાસ હદ વટાવી ગયો છે. ગોડાદરા વિસ્તારમાં આવેલી સોસાયટીઓમાં ડેરી ચલાવતા વેપારી અને નાસ્તાની લારી ચલાવતા પરપ્રાંતીય યુવક પાસે જબરદસ્તીથી હપ્તાની માંગણી કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી લાખો રૂપિયા પડાવનાર જીતુ યાદવ નામના શખ્સ વિરુદ્ધ એક જ અઠવાડિયામાં બે અલગ-અલગ ગંભીર ફરિયાદો નોંધાઈ છે.

### ડેરી સંચાલક પાસેથી બળજબરીથી પૈસા કઢાવ્યા

મૂળ રાજસ્થાનના પાલીના અને હાલ ગોડાદરાની રાધે રેસિડેન્સીમાં રહેતા બીરબલ રાડારામ રાજનટ (ઉં.વ.૫૧) છેલ્લા છ વર્ષથી સોસાયટી નજીક 'જશવંત સ્વીટ એન્ડ ડેરી' નામની દુકાન ચલાવે છે. તા. ૦૯/૧૦/૨૦૨૬ ના રોજ જીતુ યાદવે ડેરી પર આવીને રૂ.૫,૦૦૦ની માંગણી કરી હતી અને ધમકી આપી હતી કે જો ધંધો કરવો હોય તો પૈસા આપવા જ પડશે, નહીંતર દુકાન બંધ કરાવી દઈશ. ડરના માર્યે બીરબલભાઈએ તે વખતે ૧૫૦૦ રૂપિયા આપી દીધા હતા. ત્યારબાદ તા. ૧૮/૧૦/૨૦૨૬ ના રોજ બપોરે ફરીથી દુકાને આવી જીતુ યાદવે ગાળાગાળી કરી 'તું બહુ પૈસા કમાય છે, ગોડાદરા પોલીસ સ્ટેશન પહોંચે તે પહેલાં જ તને પતાવી દઈશ' તેવી ધમકી આપી હતી.

### ચપ્પુની અણીએ રૂ.૫૦૦૦ લૂંટી લીધા

સોમેશ્વર સોસાયટી પાસે નાસ્તાની લારી ચલાવતા ઉદયકુમાર રામસ્વરૂપ દાસ (રહે., પ્રિયંકા સોસાયટી, ગોડાદરા; મૂળ બિહાર) સાથે બની હતી. ઉદયકુમાર સોમેશ્વર સોસાયટી સામે 'રાધાજી નાસ્તા સેન્ટર' નામની લારી ચલાવે છે. ગત તા. ૧૮/૧૦/૨૦૨૬ ના રોજ સાંજે જીતુ યાદવ અને તેના સાગરીતો લારી પર આવ્યા હતા અને 'અહીં લારી મુકવા માટે હપ્તો આપવો પડશે' તેમ કહી રૂ.૫,૦૦૦ની માંગણી કરી હતી. વિરોધ કરતાં જીતુ યાદવે ચપ્પુ બતાવી ડરાવ્યો હતો. ત્યારબાદ ગત તા. ૨૧/૧૦/૨૦૨૬ ના રોજ સાંજે જીતુ યાદવના માણસો ફરી લારી પર આવ્યા હતા અને ચપ્પુની અણીએ ધાકધમકી આપી બળજબરીપૂર્વક રૂ.૫,૦૦૦નો હપ્તો વસૂલ કરી લીધો હતો.

## પાંડેસરામાં ટેમ્પો વીજ ટ્રાન્સફોર્મર સાથે અથડાતાં કરંટ ફેલાયો, ટ્રક ડ્રાઈવરનું મોત

સુરતઃ પાંડેસરામાં ટેમ્પો વીજ ટ્રાન્સફોર્મર સાથે અથડાતાં કરંટ લાગવાથી કાપડનો કાચો માલ ઉતારવા આવેલા 39 વર્ષીય ટ્રક ડ્રાઈવરનું મોત નીપજ્યું હતું. મળેલી માહિતી મુજબ, મધ્યપ્રદેશના બુરહાનપુર જિલ્લાના નિમ્બોલ ગામનો વતની ટ્રક ડ્રાઈવર અતુલ જ્ઞાનેશ્વર મહાજન (ઉં.વ.39) રવિવારે બપોરે પાંડેસરા નવી કોલોની પાસે આવેલી તુલસીધામ સોસાયટીના પ્લોટ નંબર 34 ખાતે કાપડનો કાચો માલ ખાલી કરવા આવ્યો હતો. તે આઈશર ટ્રકમાંથી માલ ઉતારવાની કામગીરી કરી રહ્યો હતો. દરમિયાન એક થ્રી-વ્હીલર ટેમ્પો ચાલક ટેમ્પો રિવર્સ લઈ રહ્યો હતો ત્યારે ટેમ્પો અચાનક વીજ ટ્રાન્સફોર્મર સાથે અથડાયો હતો. આ દરમિયાન અતુલ ગભરાઈ ગયો હતો અને ટેમ્પોને હાથ લગાવતાં તેને વીજ કરંટ લાગતા તેનું મોત નીપજ્યું હતું.



# 'લોકશાહી બચાવો, અરાજકતા હટાવો' ભાજપની પદયાત્રા નીકળી

**અડાજણના** પ્રાઇમ આર્કેડથી શરૂ થયેલી પદયાત્રા પ્રેસિડેન્સી સર્કલ, માછલી સર્કલ અને વરુણ હોસ્પિટલ સર્કલ થઈને ભુલકા ભવન સર્કલ ખાતે પૂર્ણ થઈ હતી

સુરતઃ લોકશાહી બચાવવા અને અરાજકતા હટાવવાના નારા સાથે ભાજપે આજે સુરતમાં અડાજણ પ્રાઈમ આર્કેડથી પદયાત્રા પ્રેસિડેન્સી સર્કલ, માછલી સર્કલ અને વરુણ હોસ્પિટલ સર્કલ થઈને ભુલકા ભવન સર્કલ ખાતે પૂર્ણ થઈ હતી.

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં યોજાયેલી આ પદયાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયાનો દાવો ભાજપ દ્વારા કરવામાં આવ્યો હતો.

પદયાત્રા દરમિયાન લોકશાહીની ગરિમા જાળવવા, ભ્રામક પ્રચાર સામે જાગૃતિ ફેલાવવા અને જનતાનો વિશ્વાસ લોકતાંત્રિક વ્યવસ્થાઓમાં અડગ રાખવા સંદર્ભે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતાં.

આગેવાનો તથા કાર્યકર્તાઓએ 'વોટચોરીના નામે જનાદેશનું અપમાન, નહિ સહે હિન્દુસ્તાન' ; 'કોંગ્રેસનો હાથ, ઘુષણખોરોને સાથ' ; 'જે ઘુષણખોરોના યાર છે, તે દેશના ગદ્દાર છે' ; 'વિપક્ષની અરાજકતા, નહિ સહે હિન્દુસ્તાન' સહિતના સૂત્રોચ્ચાર કર્યા હતાં.

### ભાજપને મળી રહેલા સમર્થનથી હતાશ કોંગ્રેસ દેશમાં અશાંતિ ફેલાવવા માંગે છે

પદયાત્રાના પ્રસ્થાન પૂર્વે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, ભાજપાને મળી રહેલા જનસમર્થનથી હતાશ કોંગ્રેસ પોતાની રાજકીય નિષ્ફળતાઓનું આત્મમંથન કરવાને બદલે ભ્રામક નેરેટિવ ઊભો કરીને દેશમાં અશાંતિ અને અરાજકતા ફેલાવી જનતાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહી છે.

### પદયાત્રામાં નર્સિંગની વિદ્યાર્થિનીઓને જોડવામાં આવ્યાની ચર્ચા ઊઠી

ભાજપની પદયાત્રામાં આજે ઓછી સંખ્યા થતાં નર્સિંગનાં વિદ્યાર્થિનીઓને પણ જોડવામાં આવી હોવાની ચર્ચાઓ ઊઠી હતી.



## મોબાઈલ ફોન હેક કરી બેંક ખાતામાંથી ૧.૭૭ લાખ ટ્રાન્સફર

સુરતઃ મૂળ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના લુવારીયા ગામના વતની અને હાલ સુરતના યોગીચોક ખાતે પ્રમુખ પાર્ક સોસાયટીમાં ફોટા પ્રિન્ટિંગનો વ્યવસાય કરતા બિપીન ગોરધનભાઈ કીકાણીનો મોબાઈલ ફોન હેક કરી લેવામાં આવ્યો હતો, જેની બિપીનભાઈને શરૂઆતમાં કોઈ જ ખબર ન હતી. મોબાઈલ હેક થયા બાદ ચાલાક ગઠિયાઓએ સુરત ડિસ્ટ્રિ.કો-ઓપ. બેંકના ખાતામાંથી રૂ.૯૮,૦૦૦ અને એસ.બી.આઈ બેંકના ખાતામાંથી રૂ.૨૯,૫૦૦ના ટ્રાન્ઝેકશન કર્યા હતા. આ સિવાય બીજા દિવસે પણ વધુ રૂ.૫૦,૦૦૦ ઉપાડી લીધા હતા. તા. ૧૭મી સપ્ટેમ્બરે બેંકનો મેસેજ મોબાઈલ પર આવ્યા બાદ બેંકમાંથી ટુકડે-ટુકડે કુલ રૂ.૧,૪૮,૦૦૦ અને એસ.બી.આઈ. બેંકમાંથી રૂ.૨૯,૫૦૦ મળીને કુલ રૂ. ૧,૭૭,૫૦૦ની રકમ સેરવાઈ ગઈ હોવાનું સામે આવતા તેમને સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર અરજી નોંધાવી હતી.

## ઇન્સ્ટાગ્રામ પર લકી ડ્રોમાં બાઈક જીતવામાં યુવકે રૂ.૫૯,૧૩૩ ગુમાવ્યા

**પુણા** ગામના રત્નકલાકારને સાયબર ઠગોએ ચાર્જ, ડોનેશનના નામે રકમ પડાવી

સુરત : પુણા ગામ વિસ્તારમાં રહેતા અને કાપોદ્રા ખાતે રત્નકલાકાર કામ કરતાં યુવક સાથે ઇન્સ્ટાગ્રામ પર 'લકી ડ્રો' ના નામે બાઈક જીતવામાં રૂ.૫૯,૧૩૩ ગુમાવ્યા હતા.

પુણા ગામની નંદનવન સોસાયટીમાં રહેતા અને હિરા મજૂરી કરતા અજયભાઈ દામજીભાઈ ખોરાસીયા (ઉં.વ. ૨૧) ઇન્સ્ટાગ્રામ પર રીલ્સ જોઈ રહ્યા હતા. તે દરમિયાન તેમની નજરે 'જય ગુજરાત લકી ડ્રો યોજ' નામનું એક પેજ આવ્યું હતું. જેમાં રૂપિયા ૩૯૯ની ટિકીટ પર આકર્ષક વસ્તુઓ જીતવાની જાહેરાત કરાઈ હતી. અજયભાઈએ તે એડ પર ક્લિક કરતાં જ મોબાઈલ નંબર ૮૨૦૦૫૧૨૪૩૩ નું વોટ્સએપ ચેટ બોક્સ ખુલ્યું હતું. જ્યાં તેમણે નામ, સરનામું અને મોબાઈલ નંબર મોકલી આપ્યા બાદ ક્યુઆર કોડ પર એચડીએફસી બેંકના ખાતામાંથી રૂપિયા ૩૮૭ ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ ઠગોએ તેમને ટોકન મોકલી 'સ્પ્લેન્ડર પ્લસ બાઈક' નું ઇનામ લાગ્યું હોવાનું જણાવી મોબાઈલ નંબર ૯૮૨૮૬૭૧૧૩૭ પર સંપર્ક કરવા કહ્યું હતું. અજયભાઈએ કોલ કરતા સાયબર ઠગોએ વિવિધ ચાર્જ અને ગૌશાળામાં ડોનેશન પેટે રૂપિયા ૫૯,૧૩૩ પડાવી લીધા હતા. જે બાદ વધુ રૂપિયા ૩૨,૭૦૦ ની માંગણી કરતાં યુવકને શંકા ગઈ હતી. ઠગાઈનો ભોગ બન્યાની ખાતરી થતાં અજયભાઈએ સાયબર હેલ્પલાઈન નંબર '૧૯૩૦' પર ફોન કરી ફરિયાદ નોંધાવી હતી, આ મામલે પુણા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ઈચ્છાપોરમાં પંજાબી યુવક અફીણ સાથે ઝડપાયો

સુરતઃ ઈચ્છાપોર હજીરા રોડ પર રિલાયન્સ ગેટ નંબર-૪ સામે ઈચ્છાપોર પોલીસે દરોડા પાડી પંજાબના ૨૭ વર્ષીય યુવકને ૯ ગ્રામ અફીણ જેવા નશીલા પદાર્થ સાથે ઝડપી પાડવામાં આવ્યો છે. ઈચ્છાપોર પોલીસે બાતમીના આધારે મૂળ પંજાબના તરન તરણ જિલ્લાનો અને હાલ કવાસ ગામની ભક્તિધારા સોસાયટીમાં રહેતો અર્શદીપસિંઘ સુખવીન્દરસિંઘ ધિલ્લોન જાટ (ઉં.વ. ૨૭)ની તપાસ દરમિયાન પેન્ટના ખિસ્સા માંથી રૂ.૧૩૫નું અફીણ મળી આવ્યું હતું. પોલીસની પૂછપરછમાં આરોપી સુખવીન્દરસિંઘ ધિલ્લોન જાટએ જણાવ્યું હતું કે આશરે ત્રણ દિવસ પહેલાં મોરા ગામ નજીક રસ્તા પર ઊભેલા અજાણ્યા ટ્રક ડ્રાઈવર પાસેથી આ પદાર્થ ખરીદ્યો હતો. પોતાના વ્યસન માટે તેમજ વેચાણ કરીને ખર્ચ કાઢવાના ઈરાદે ખરીદી કરી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# 26 વર્ષથી ફરાર હત્યાનો આરોપી નાસિકથી ઝડપાયો

**પાંડેસરામાં** વર્ષ 2000માં હત્યા કરી ફરાર થયો હતો, પોલીસ પકડથી બચવા મોબાઇલ ફોનનો ઉપયોગ બંધ કરી દીધો, ઉપરાંત મૂળ વતન પણ ક્યારેય ગયો ન હતો

સુરતઃ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૦૦માં હત્યાના ગુનામાં સંડોવાયેલો મુખ્ય આરોપી ઉમેશ ગોપાલ માનકર ઘટનાને અંજામ આપીને ત્યારથી જ પોલીસ પકડથી બચવા માટે નાસતો ફરતો હતો. પી.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે વોન્ટેડ આરોપી ઉમેશ ગોપાલ માનકર હાલ મહારાષ્ટ્રના નાસિક ગ્રામીણ વિસ્તારના સાંઈખેડા, ગંગાનગર ખાતે લાલાભાઈના ઈંટના ભઠ્ઠા પર રહે છે. એક ટીમ તાત્કાલિક નાસિક રવાના થઈ હતી અને ઘેરાબંધી કરીને આરોપીને દબોચી લીધો હતો.

આરોપીએ કબૂલાત કરી હતી કે સન ૨૦૦૦માં તે પાંડેસરામાં દત્તુ માલજી પાટીલ પર ઝઘડામાં હુમલો કરતાં તેનું મોત નીપજ્યું હતું. સાથે ઝઘડો થયો હતો, જેમાં ઉશ્કેરાઈને તેણે લાકડાના ફટકા વડે હુમલો કરતા દત્તુ પાટીલનું મોત નીપજ્યું હતું. આ ગંભીર ગુનો આચર્યા બાદ પોલીસ ધરપકડથી બચવા માટે તે સતત પોતાના ઠેકાણા બદલતો રહ્યો હતો. ખાસ વાત એ છે કે પોલીસ તેને ટ્રેસ ન કરી શકે તે માટે તેણે છેલ્લા ૨૬ વર્ષ દરમિયાન ક્યારેય પણ મોબાઈલ ફોનનો ઉપયોગ કર્યો ન હતો અને પોતાના મૂળ વતન પણ ક્યારેય ગયો ન હતો. આરોપીના પરિવારમાં માત્ર બે જ બહેનો હોવાથી પી.સી.બી.ની ટીમે તેની બહેનો અને ભાણેજો પર લાંબા સમય સુધી ટેક્નિકલ તથા હ્યુમન સર્વેલન્સ ગોઠવ્યું હતું. સતત ત્રણ વર્ષની મહેનત બાદ આખરે આરોપીનું લોકેશન મળી આવતા તેને પકડી પાડવામાં આવ્યો છે.